પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૬૯, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૨-૦૩-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 169 PRICE :-RS. 1.50 DATE : 12-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ખેડૂત આંદોલનને ૧૦૫ દિવસ પૂર્ણ: ખેડૂતો અનોખો વિરોધ કરશે

## ખેડૂતો પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને હરાવવા અપીલ કરશે

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતોએ સરકારને ઘેરવા નવી રણનીતિ અપનાવવાની જાહેરાત કરી છે. છેલ્લા ૧૦૦ દિવસથી પણ વધુ સમયથી વિવિધ ખેડૂત સંગઠનો દિલ્હી આસપાસના વિસ્તારમાં સરહદ પર કૃષિ કાયદાને પરત ખેંચવાની માગ સાથે વિરોધ કરી રહ્યા છે. ખેડૂતોએ હવે વિધાનસભા ચૂંટણી યોજાનાર છે તે પાંચ રાજ્યોની મુલાકાત લેવાનું નક્કી કર્યું છે. ખેડૂતો આ રાજ્યોમાં જઈને ભાજપને હરાવવા માટે લોકોને



અપીલ કરશે.

ખેડૂત નેતા બલબીર સિંહ રાજેવાલે ચંદીગઢમાં જણાવ્યું કે ખેડૂત આંદોલનને ૧૦૫ દિવસ થઈ ગયા છે. અમે નિર્ણય કર્યો છે કે અમારી ટીમો વિધાનસભા ચૂંટણી યોજાનાર છે તેવા પાંચ રાજ્યોની મુલાકાત લેશે. આ રાજ્યોમાં જઈને અમે લોકોને ભાજપને વોટ નહીં આપવા અપીલ કરીશું. બલબીર સિંહે જણાવ્યું કે તેઓ કોલકાતા જશે. અગાઉ ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે જણાવ્યું હતું કે, ૧૩ માર્ચના તે કોલકાતા જશે અને ખેડૂતો સાથે ચર્ચા કરીને પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ભાજપને હરાવવા માટે આહ્વાન કરશે. જો કે તેમણે કહ્યું હતું કે તેઓ કોઈ રાજકીય પક્ષનું સમર્થન નહીં કરે.

પાંચ રાજ્યોની ચૂંટણી સમયે જ ખેડૂતોએ નિર્ણાયક બ્યૂગલ ફૂંકવાની જાહેરાત કરી છે. ટિકૈતે આક્ષેપ કર્યો હતો કે દેશના ખેડૂતો ભાજપની નીતિઓથી ત્રાસી ગયા છે. ૨૬ માર્ચના ખેડૂત આંદોનને ચાર મહિનાનો સમય પૂર્ણ થશે. આ અવસરે ખેડૂત સંગઠનના નેતાઓએ ભારત બંધનું પણ એલાન કર્યું છે. ખેડૂત નેતા બૂટા સિંહ બુર્ગજિલે જણાવ્યું કે ખેડૂતો અને ટ્રેડ યુનિયનો મળીને ૧૫ માર્ચના પેટ્રોલ-ડિઝલના ભાવ વધારા મુદ્દે તેમજ રેલવેના ખાનગીકરણ વિરુદ્ધ દેખાવો કરશે. આ ઉપરાંત સિંઘૂ બોર્ડર પર પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે અમે ૨૬ માર્ચના અમારા આંદોલનના ચાર મહિના પૂર્ણ થવા પર ભારત બંધનું એલાન કરીએ છીએ. સવારથી સાંજ સુધી શાંતિપૂર્ણ બંધ પાળવામાં આવશે.

૨૬ જાન્યુઆરી ૨૦૨૧ના ખેડૂતોએ દિલ્હીમાં ટ્રેક્ટર પરેડ યોજી હતી અને બાદમાં હિંસા ભડકી હતી. મોટી સંખ્યામાં ખેડૂતો દિલ્હીની અંદર ઘૂસી જતા દિલ્હી પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. લાલ કિલ્લા પર પણ તોડફોડ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે કડક કાર્યવાહી કરતા કેટલાક લોકો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી હતી અને અનેક લોકોની ધરપકડ પણ કરી હતી.

## લોકો બેદકારી છોડે તો ફરી લોકડાઉન લાગી જશે: ગુજ.હાઈકોર્ટની ચિમકી

અમદાવાદ,

ગુજરાતમાં ફરી કોરોનાના વધી રહેલા કેસોને પગલે હાઈકોર્ટે લોકો બેદરકારી નહીં છોડે તો રાજ્યમાં ફરી લોકડાઉન લાગવાની ચીમકી આપી છે. હાઈકોર્ટે વધતા કોરોના અંગે ચિંતા વ્યક્ત કરી રાજ્ય સરકારને પરિસ્થિતિ વણસી શકે તો સજ્જ રહેવાની તાકીદ કરી છે. વધુમાં કોવિડ સમર્થિત હોસ્પટલોમાં પથારીઓ સહિત પુરતા પ્રમાણમાં સુવિધા રાખવાનો આદેશ પણ કર્યો છે. કોરોના મુદ્દે હાઈકોર્ટે સુઓમોટો



નોંધમાં આ આદેશ કરાયો છે.હાઈકોર્ટે તેના આદેશમાં નોંધ્યું છે કે, કોરોના સંદર્ભે લોકોનું લાપરવાહી ભર્યું વલણ કે બેદરકારી ચિંતાજનક છે. જેના લીધે, રાજ્ય સરકારે ફરી એકવાર લોકડાઉન અમલમાં મુકવું પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. આ કેસની વધુ સુનાવણી નવ એપ્રિલે હાથ ધરાશે.

કોરોનાની હાલની સ્થિતિને લઈ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટીસ જે.બી.પારડીવાલાની બેન્ચે સરકારને સૂચનો કર્યા છે. તેમને જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચૂંટણી બાદ કોરોનાનો કહેર વધી શકે છે, જેથી સરકાર આ સામનો કરવા માટે રાજ્ય સરકાર પૂરતી તૈયારી સાથે સજ્જ રહે. રાજ્ય સરકાર કોવિડ હોસ્પિટલની સુવિધા પૂરતા પ્રમાણમાં રાખે.

આ સાથે સાથે હાઈકોર્ટ દ્વારા કહેવામાં આવ્યું ક, આ વાયરસ ફેલાવા મત લોકોનું બેદરકારી વલણ ચિંતાજનક છે. જેના લીધે રાજ્ય સરકારે ફરી એકવાર લૉકડાઉન કરવું ન પડે તે માટે માસ્ક પહેરવા સહિતના કડક કાયદાઓનું પાલન લોકો પાસે કરાવવું જોઈએ.

આપને જણાવી દઈએ કે, રાજ્યમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં નેતાઓ દ્વારા કરવામાં આવેલા પ્રચાર પ્રસાર બાદ કોરોનાના કેસો ખુબ વધી રહ્યા છે અને રાજ્યમાં ફરીથી કોરોના ફરીથી વિફરી રહ્યો છે.

## મગફળી કૌભાંડ ભાજપ અને મંત્રીઓની મીઠી નજર હેઠળ ચાલે છે, દરેક મંત્રીનો છે ભાગ: ધાનાણી



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભામાં મગફળીની ખરીદી અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને વિપક્ષના નેતા પરેશ ધાનાણી વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી. વિધાનસભાના પ્રશ્નકાળ દરમિયાન પરેશ ધાનાણીએ આ મુદ્દો ઉઠાવ્યો અને કહ્યું કે, ખરીદી કેન્દ્રો પરથી ખેડૂતોને તેમ કહીને કાઢી મુકવામાં આવે છે કે, તેઓ જે મગફળી વેચવા માટે આવ્યા છે તેમાં મોટા પ્રમાણમાં કાંકરા છે.

પરેશ ધનાણીએએ કહ્યું કે, ખરીદી નહી થવાના કારણે ખેડૂતો પછી તેને પરત નથી લઈ જતા અને યાર્ડ પર જ જે પણ ભાવ આવે તેમાં વેચવા માટે મજબુર બને છે. જેનો ભરપુર ફાયદો વચેટિયાઓ ઉઠાવે છે અને પાણીના ભાવે ખેડૂતોની જણસ ખરીદીને ખુબ જ ઉંચા ભાવે ખરીદે છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, તમે (ભાજપ) આ મગફળી કૌભાંડમાં સંડોવાયેલા છો. કોંગ્રેસ દ્વારા લગાવાયેલા આ આરોપોનું ખંડન કરતા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, ખેડૂતો દ્વારા ખરીદી અંગે કોઈ ફરિયાદ કરવામાં આવી નથી. તેમણે દાવો કર્યો કે લાખો ખેડૂતો દ્વારા પોતાના પાકને વેચવામાં આવ્યો છે. એમએસપીની રકમ સીધી જ ખેડૂતના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી છે. આ ઉપરાંત તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર નહી પરંતુ સીધી કેન્દ્ર સરકારની એજન્સી નાફેડ દ્વારા ખેડૂતોની ઉપજ ખરીદવામાં આવે છે. પરંતુ ખેડૂતો મુદ્દે કોંગ્રેસ દ્વારા તો માત્ર રાજનીતિ જ કરવામાં આવી રહી છે.

## રણોત્સવ પાછળ સરકારે બે વર્ષમાં ૧૪ કરોડ ખર્ચ્યા, આવક થઈ માત્ર ૯ કરોડ

ગાંધીનગર,

રાજ્ય સરકાર કચ્છમાં મીઠાના લેયરથી સફેદ દેખાતાં નાના રણમાં શિયાળા દરમિયાન વડા પ્રધાન મોદીએ શરૂ કરાવેલાં રણોત્સવનું આયોજન દર વર્ષે કરે છે. રાજ્ય સરકારે પણ એની જાહેરાતો, ઉદ્ઘાટન સમારંભો પાછળ દર વર્ષે તગડો ખર્ચો કરે છે. સરકારને જે રોયલ્ટી મળે છે, એ રકમ ઘણી ઓછી હોય છે. સરકારે બે વર્ષમાં તેને રોયલ્ટી પેટે થયેલી આવકનાં આંકડા જાહેર કર્યા છે.

જે મુજબ સરકારને ૨૦૨૦માં ૪.૮૨ કરોડની અને ૨૦૧૯માં ૪.૬૨ કરોડની જ રોયલ્ટી પેટે આવક થઈ છે. આની સામેસ રકારે ૨૦૨૦માં ૮.૬૬ કરોડ રૂપિયાનો ખર્ચ અને ૨૦૧૯માં ૫.૧૨ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. રણોત્સવ દ્વારા સ્થાનિક ધોરણે રોજગારીનું પણ મોટાપાયે નિર્માણ થયું હોવાના સરકાર દાવા કરતી રહે છે. પરંતુ આ સંદર્ભે વિધાનસભામાં ધારાસભ્યોની પૃચ્છામાં સરકારે એવું જણાવ્યું છે કે સ્થાનિક ધોરણે કેટલી રોજગારી રણોત્સવ દ્વારા ઉભી થઈ તેનું કોઈ મૂલ્યાંકન ઉક્ત બે વર્ષમાં કરવામાં આવ્યું નથી.

## મહારાષ્ટ્રમાં કોરોના વિસ્ફોટ: નાગપુરમાં લૉકડાઉન જાહેર

નાગપુર,

મહારાષ્ટ્રમાં કોરોનાના કેસોમાં સતત થઈ રહેલા વધારા વચ્ચે નાગપુર સિટીમાં ૧૫ માર્ચથી ૨૧ માર્ચ સુધી સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્ર સરકારના મંત્રી નીતિન રાઉતના જણાવ્યા અનુસાર, સાત દિવસના લોકડાઉનમાં જીવનજરુરી સેવાઓ ચાલુ રહેશે.



સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર, સાત દિવસના લોકડાઉનમાં શાકભાજી, ફ્રુટ, દૂધ તેમજ દવાની દુકાનો ખૂલ્લી રહેશે. સીએમ ઉદ્ધવ ઠાકરેએ એ વાતના સંકેત આપ્યા છે કે છેલ્લા એક મહિનાથી રાજ્યમાં કેસો સતત વધી રહ્યા છે ત્યારે બીજા પણ કેટલાક વિસ્તારોમાં લોકડાઉન આવી શકે છે.

આજે કોરોનાની વેક્સિનનો પહેલો ડોઝ લીધા બાદ ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં બીજા પણ કેટલાક સ્થળો પર લોકડાઉન જાહેર કરવું પડે તેવી સ્થિતિ છે. તે અંગેનો નિર્ણય આગામી દિવસોમાં લેવામાં આવશે. નાગપુરમાં શહેર પોલીસ કમિશનર કચેરીના તાબા હેઠળ આવતા તમામ વિસ્તારોમાં લાગુ પડશે.

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં સોમવારથી રાત્રે આઠથી સવારે આઠ સુધી જનતા કરફ્યુ લાગુ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નાગપુરમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૬૫૯ કેસ નોંધાયા છે જે દેશના ૬૦ ટકા જેટલા થવા જાય છે.

રાજ્ય સરકારે નાઈટ કરફ્યુથી લઈને આંશિક લોકડાઉન જાહેર કરવાનો નિર્ણય જે-તે જિલ્લા તેમજ શહેરના સ્થાનિક તંત્ર પર છોડ્યો છે. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાને કાબૂમાં લેવા માટે સાત મુદ્દાનો કાર્યક્રમ બનાવ્યો છે. જેમાં દર્દીના નજીકના સંપર્કમાં આવેલા લોકોના ટેસ્ટિંગ, ઝડપી કોન્ટેક્ટ ટ્રેસિંગ, માસ ટેસ્ટિંગ અને હોટ સ્પોટ્સ તેમજ કોરોનાથી થતા મોતના ઓડિટનો સમાવેશ થાય છે. તમામ જિલ્લાને આ કાર્યક્રમ પર કામ કરવા માટે જણાવાયું છે.

છેલ્લા કેટલાક દિવસોથી મહારાષ્ટ્ર ઉપરાંત કેરળ, પંજાબ, કર્ણાટક, ગુજરાત અને તમિલનાડુમાં કેસો સતત વધી રહ્યા છે. આ છ રાજ્યોમાં જ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં નોંધાયેલા ૨૨,૮૫૪ કેસોના ૮૫ ટકા કેસ નોંધાયા છે.

ગયા વર્ષે ૧૧ માર્ચના રોજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી હતી. જેને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. જોકે, દેશમાં કોરોના એક સમયે કાબૂમાં આવ્યા બાદ હવે કેટલાક રાજ્યોમાં ફરી વકરી રહ્યો છે. રાહતની વાત એ છે કે, હાલ વેક્સિનેશન પણ શરુ કરી દેવામાં આવ્યું છે.

મહારાષ્ટ્રમાં બુધવારે કોરોનાવાયરસના રેકોર્ડ નવા કેસ નોંધાયા છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં પ્રતિબંધો લાદવામાં આવ્યા છે, તેમ છતાં કોરોના સંક્રમણના આ નવા કેસો વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં, કોરોનાના ૧૩,૬૫૯ નવા કેસ નોંધાયા છે.

### મમતા બેનર્જી પર હુમલો:

## TMCએ ચૂંટણી પંચમાં ફરિયાદ કરી

કોલકાત્તા,

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર બુધવારે સાંજે નંદીગ્રામમાં થયેલ કથિત હુમલા મામલે ફરિયાદ લઈને તૃણમૂલ કોંગ્રેસ ચૂંટણી પંચ પાસે પહોંચ્યુ. ટીએમસીના સાંસદ ડેરેક ઓ બ્રાયન અને રાજ્ય સરકારમાં મંત્રી ચંદ્રિકા ભટ્ટાચાર્ય અને પાર્થ ચેટર્જીએ આજે બપોરે કોલકત્તામાં ચૂંટણી પંચના કાર્યાલય પહોંચીને અહીંના અધિકારીઓએ સાથે મુલાકાત કરી. ટીએમસી પ્રતિનિધિ મંડળે આ મામલે ચૂંટણી પંચને માંગ કરી છે કે તેમના પાર્ટી પ્રમુખ પર હુમલો કરનારા સામે કાર્યવાહી કરવામાં આવે. ચૂંટણી પંચના કાર્યાલયમાંથી નીકળ્યા બાદ ટીએમસીના રાજ્યસભા સાંસદ ડેરેક ઓ બ્રાયને કહ્યુ કે ૯ માર્ચે પંચે ડીજીપીને બદલ્યા, આગલા દિવસે ૧૦ માર્ચે એક ભાજપ સાંસદે સોશિયલ મીડિયા પર લખ્યુ કે તમે સમજી જશો કે સાંજે ૫ વાગ્યા પછી શું થવાનુ છે. ત્યારબાદ બુધવારે સાંજે ૭ વાગે નંદીગ્રામમાં મમતા દીદી સાથે આ દૂર્ઘટના બની. આનાથી ઘણુ બધુ સમજમાં આવી રહ્યુ છે કે કઈ રીતે આ અંજામ આપવામાં આવ્યો છે. અમે ઈચ્છીએ છીએ કે આ ઘટનાની સચ્ચાઈ સામે આવે.

## ઈન્ડોનેશિયાના જાવા આઈસલેન્ડમાં બસ ખીણમાં ખાબકતા ૨૭ લોકોના મોત

જાકાર્તા,

ઈન્ડોનેશિયાના જાવા આઈસલેન્ડમાં ટૂરિસ્ટોથી ભરેલી બસ ખીણમાં ખાબકવાથી ૨૭ લોકોનાં મોત થયા છે. દુર્ઘટનામાં ૩૯ અન્ય લોકો ઘાયલ થયા છે. મૃત્યુ પામનારાઓમાં બસ-ડ્રાઈવર પણ સામેલ છે. આ તમામ તીર્થયાત્રીઓ હોવાનું કહેવાઈ રહ્યું



છે. તમામ ઘાયલોને અને મૃતકોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. પોલીસે આ માહિતી ગુરુવારે આપી છે.

સ્થાનિક પોલીસ અધિકારી પ્રાસેત્યો રિબ્બિયાંતોએ જણાવ્યું હતું કે દુર્ઘટના બુધવારે એવા સમયે થઈ કે જ્યારે બસ પશ્ચિમ જાવાના સુબાંગ શહેરથી ઈસ્લામિક જુનિયર હાઈસ્કૂલના સ્ટુડન્ટ્સ, ટીચર અને પેરન્ટ્સને તાસિકામલય જિલ્લામાં આવેલા એક તીર્થસ્થળ પર લઈને જઈ રહી હતી. સુમેદાંગ જિલ્લામાં ઘણા ઢાળ હોવાને કારણે ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કન્ટ્રોલ ગુમાવી દીધો હતા. એને કારણે બસ ૨૦ મીટર ઊંડી ખાડીમાં પડી હતી.

પોલીસ અધિકારી રિબ્બિયાંતોના જણાવ્યા અનુસાર, પોલીસ દુર્ઘટનાનું કારણ શોધવાની કોશિશ કરી રહી છે. ઈજાગ્રસ્ત થયેલા લોકોએ જણાવ્યું હતું કે ગાડીની બ્રેક ફેલ થઈ હતી. રેસ્ક્યૂ એજન્સીના ચીફ રિદવાંસાહે જણાવ્યું હતું કે ઘાયલોને હોસ્પિટલ અને એક નજીકના ક્લિનિકમાં દાખલ કરવામાં આવ્યા, તેમાંથી ૧૩ લોકોની સ્થિતિ ગંભીર છે. રિદવાંસાહના જણાવ્યા મુજબ, રોડની સુરક્ષામાં બેદરકારી અને ખરાબ ઈન્ફ્રાસ્ટ્રકચરને કારણે ઈન્ડોનેશિયામાં આવા અકસ્માતો સતત થતા રહે છે. આ પહેલાં સુમાત્રામાં ડિસેમ્બર ૨૦૧૯માં એક ટૂરિસ્ટ બસ ૮૦ મીટર ઊંડી ખાડીમાં પડી હતી, તેમાં ૩૫ લોકોનાં મોત થયાં હતાં. ૨૦૧૮માં પશ્ચિમ જાવામાં એક બસ ખીણમાં પડી હતી, તેમાં ૨૭ લોકોનાં મોત થયાં હતાં.

મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં પ્રતાપપુરા બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

દિલિપસિંહ રતનસિંહ પરમાર

પ્રતાપપુરા તા.હાલોલ, જી.પંચમહાલ

મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં જાફરાબાદ બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

અલ્પેશકુમાર સુરપાલસિંહ મીનામા

જાફરાબાદ તા.ગોધરા, જી.પંચમહાલ

મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં જુનીધરી બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

કાન્તિભાઈ શંકરભાઈ માછી

જુનીધરી તા.ગોધરા, જી.પંચમહાલ

oppo ઓપો મોબાઈલ(લીમડી)

MD : યોગેશભાઈ પુજારા (રાજકોટ)

ઓનર : મીલનભાઈ શ્રીમાર (જૈન)

ઓનર : આશિષભાઈ શ્રીમાર (જૈન)

ZD : કલ્પેશભાઈ અઢીયા (રાજકોટ)

ZD : આશિષભાઈ આચાર્યા (રાજકોટ)



મો.નં. : ૭૭૭૭૯ ૫૦૦૦૦

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુરમાં મહાશિવરાત્રીની ધામધૂમથી ઉજવણી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં મહાશિવરાત્રી પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી સંતરામપુર નગરમાં મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રીના પર્વે મંદિરને ડેકોરેશન સજાઓમાં આવેલું હતું સવારથી શિવજીની પૂજા કરવા માટે અને દર્શન કરવા માટે ભાભી ભક્તોને ભારે ઘસારો જોવા મળ્યો હતો બ્રહ્મસમાજ દ્વારા સંતરામપુર નગરમાં શિવજી ભગવાનની પાલખી શોભાયાત્રા કાઢવામાં આવી હતી સમસ્ત બ્રાહ્મણ સમાજે ધંધા–રોજગાર બંધ પાડી ને વડીલો યુવાનો તમામ આ શોભાયાત્રામાં જોડાયા હતા આ શોભાયાત્રામાં દરેક જગ્યાએ તેમનું આવકાર અને સ્વાગત કરવામાં આવેલું હતું સ્વામિનારાયણ જુના મંદિર પાસે પાલકી નું ભગવાન શિવજીની ફૂલોથી તેનું ધામધૂમથી સ્વાગત કરવામાં આવેલું હતું હર હર મહાદેવ સંતરામપુર નગર ગુંજી ઉઠ્યું હતું મહાશિવરાત્રી પર્વ નિમિત્તે બ્રહ્મ સમાજમાં ખુશીની લહેર જોવા મળી હતી કોરાની મહામારી વચ્ચે સરકારની ગાઈડ લાઈન મુજબ પાલન કરવામાં આવેલ હતું.

## મહીસાગર જિલ્લામાં આજે ૦૨ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૨૧૩૭ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોના ના અત્યાર સુધીમાં એટલે કે તા.૧૧–૦૩–૨૦૨૧ના સાંજના ૪:૩૦ વાગ્યા સુધીમાં ૨૧૩૭ કેસ પોઝીટીવ નોંધાયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૪૫ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૩૭૦૧૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૦ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ–લુણાવાડા, ૨૨ દર્દી હોમ આઈસોલેશન અને ૦૫ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૯ દર્દીઓ સ્ટેબલ અને ૦૮ દર્દીઓ ઓક્સિજન પર છે.

# સુરત મહાનગરપાલિકાનું ૨૦૨૧-૨૨નું ૬૫૩૪ કરોડનું બજેટ રજૂ



સુરત, સુરત મહાનગર પાલિકાનું નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧નું રીવાઈઝડ બજેટ અને વર્ષ ૨૦૨૧-૨૨નું ડ્રાફ્ટ બજેટ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાની સ્થાયી સમિતિની મંજૂરીની અપેક્ષાએ રજૂ કર્યું છે.બજેટનું કદ રૂા.૬૫૩૪ કરોડનું રહ્યું છે. જે ગત વર્ષે ૬૧૦૦ કરોડનું બજેટ હતું. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ કોરોના કાળમાં જ નીકળી જતાં વિકાસ કામો થઈ શક્યા નથી. વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં વિકાસ કામો પાછળ ૨૭૭૫ કરોડના ખર્ચનો અંદાજ મુકાયો હતો. જેની સામે અત્યાર સુધીમાં માત્ર ૧૫૦૦ કરોડના જ કામો થયા છે. ૨૦૨૧-૨૨નું ડ્રાફ્ટ બજેટમાં પાલિકાના હદવિસ્તરણથી સમાવાયેલા નવા વિસ્તારોમાં ડ્રેનેજ, પાણી, રસ્તા અને બ્રિજની પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. સાથે આરોગ્યને લઈને પણ પાલિકા દ્વારા સ્મીમેરની કેપેસિટીની સાથે સાથે નવા હેલ્થ સેન્ટર વધારવાની વાત કરવામાં આવી છે.કોઈ વેરા વધારવામાં ન આવ્યા હોવાનું કહીને પાલિકા કમિશનરે બજેટને લોકોનું બજેટ ગણાવ્યું હતું.

પાલિકા કમિશનર દ્વારા રજૂ કરવામાં આવેલા ડ્રાફ્ટ બજેટમાં રેવન્યુ આવક ૩૩૬૬ કરોડનો અંદાજ રાખવામાં આવ્યો છે. પાલિકામાં નવા સમાવિષ્ટ થયેલા વિસ્તારમાં ૧૪૦ કરોડના ખર્ચે ડ્રેનેજ,પાણી, રસ્તા અને બ્રિજ બનાવવામાં આવશે. સાથે જ શાળા, ગાર્ડન, હેલ્થ સેન્ટર અને લાઈટ સહિતના ખર્ચા કરાશે.આ સાથે રિવરફ્રન્ટના પ્રોજેક્ટને પણ આગળ ધપાવવામાં આવશે તેમ ડ્રાફ્ટ બજેટમાં કહેવામાં આવ્યું છે. તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટ પાછળ ૯૭૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને ૩૬ મહિનામાં કામ પૂરૂં કરવાનો પણ અંદાજ મૂકવામાં આવ્યો છે.

સુરત મહાનગર પાલિકા દ્વારા કોરોના કાળમાં થયેલી કામગીરીમાંથી બોધપાઠ લઈને આરોગ્ય પાછળ ૩૯૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. તેમજ સ્મીમેર હોસ્પિટલમાં ૨૫૦ બેડની સુવિધા ઉભી કરવામાં આવશે. તેમજ ૩૨ અર્બન હેલ્થ સેન્ટર શરૂ કરાશે. શહેરમાં ૫૦ હજારની વસ્તીએ ૧ હેલ્થ સેન્ટર ઉભું કરવાની જોગવાઈ કરવામાં આવી છે. સાથે જ વેક્સિનેશનની ઝડપથી કામગીરી થાય તે માટે પણ અલગથી ખર્ચ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સુરત શહેર વિસ્તારમાં સમાવિષ્ટ પાંચ ઝોન ખાતે એર ક્વોલિટી મોનિટરીંગ સ્ટેશનની સ્થાપના કરવામાં આવશે. સેન્ટલ, ઈસ્ટ, વેસ્ટ, સાઉથ, સુડા અને એસએમસીનાં વિવિધ વિસ્તારના ગાર્ડન ડેવલોપમેન્ટનાં પ્રોજેક્ટ બનાવવામાં આવશે. શહેરમાં હવાનું પ્રદૂષણ ઘટાડવા માટે ટ્રાફિકનું ભારણ ઘટાડવા આઉટર રીંગ રોડનું બાંધકામ, રોડ અને બ્રિજ પહોળા કરવાના પ્રોજેક્સ, મલ્ટી લેવલ પાર્કિંગ પ્રોજેક્ટને સૂચવવામાં આવ્યા છે.

# આગામી સમયમાં એક લાખ યોગ ટ્રેનર તૈયાર કરાશે: વિજય રૂપાણી



અમદાવાદ, અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત આવી જ એક ત્રિ-દિવસીય યોગ શિબિરના સમાપન સમારંભમાં મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું કે, યોગ માનવશરીરના મન, બુધ્ધિ અને આત્માને આધ્યાત્મિક રીતે સહજ કરીને પરમાત્મા સાથે જોડે છે.આ આધ્યાત્મિક ધારણાને ચરિતાર્થ કરવા વડાપ્રધાન મોદીએ ૨૧ જૂનના દિવસને સમગ્ર વિશ્વમાં "વિશ્વ યોગ દિવસ" તરીકે પ્રસ્થાપિત કરી ભારતને વિશ્વ ગૂરૂ બનવા તરફની રાહ ચિંધી છે. રાજ્ય યોગ બોર્ડ દ્વારા અત્યાર સુધીમાં ૭૫૦ યોગ ટ્રેનર તૈયાર કરવામાં આવ્યા છે. આગામી સમયમાં ૧ લાખ યોગ ટ્રેનર તૈયાર કરીને વધુને વધુ લોકોને યોગ વિશે જાગૃત કરવાનો કૃતસંકલ્પ છે. અત્યાર સુધીમાં ૫ હજારથી વધુ યોગ વર્ગ ચલાવીને મોટી સંખ્યામાં યોગસાધકોને યોગ સાથે જોડ્યા છે.

તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનની યોગ પ્રત્યેની પરિકલ્પનાને સાકાર કરવા ગુજરાત સરકાર દ્વારા "ગુજરાત રાજ્ય યોગ બોર્ડ"ની સ્થાપના કરવામાં આવી છે. જેમાં વધુને વધુ યોગ ટ્રેનરો જોડાઈને વિવિધ યોગ શિબિરો દ્વારા રાજ્યમાં અબાલવૃધ્ધોને યોગસાધનાની પ્રેરણા આપી રહ્યાં છે. આ ટ્રેનીંગ રાજયના નાગરિકોને નિરોગી બનાવવા અસરકારક સાબિત થઈ રહી છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે,ગુજરાત રાજ્ય યોગને અપનાવીને નાગરિકોને સ્વસ્થ અને નિરોગી બનાવી ઉત્તમથી સર્વોત્તમ ભણી આગળ વધી રહ્યુ છે.રાજ્યનો દરેક નાગરિક સ્વસ્થ રહે અને ઈઝ ઓફ ડુઈંગની સાથે ઈઝ ઓફ લિવીંગ તરફ પણ આગળ વધે તે માટે આવી યોગ શિબિરો ખૂબ જ જરૂરી છે એવો મત પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીએ મહાશિવરાત્રિના પવિત્ર દિવસે સાબરમતી નદીના તટ પર મોટી સંખ્યામાં ઉપસ્થિત યોગ સાધકોને અભિનંદન પાઠવતા કહ્યું કે,આપ બધાએ એકજૂથ બની યોગ દ્વારા રાષ્ટ્રને તંદુરસ્તી સાથે સલામતીનો સંદેશ પાઠવ્યો છે. તેઓએ ઉમેર્યુ કે, કોરાના મહામારીમાં રાજ્ય સરકાર દ્વારા "યોગ કરીશું અને કોરોનાને હરાવીશુ" ના સૂત્રને સ્વીકારીને કોરોના સામેની લડતમાં સફળતા હાંસલ કરી છે.

# ભારતમાં કોરોનાએ વેગ પકડ્યો: એક જ દિવસમાં ૨૨ હજારથી વધુ નવા કેસ નોંધાયા

ન્યુ દિલ્હી, દેશમાં કોરોનાએ ફરીથી ઉથલો માર્યો છે. કોરોના વાયરસના ફરીથી સતત વધતા કેસે ચિંતા વધારી દીધી છે. જો આપણે ફેબ્રુઆરી મહિના સાથે તુલના કરીએ તો માર્ચમાં કોરોનાના કેસ ડબલ થઈ ગયા છે. ફેબ્રુઆરીમાં ત્રણ થી ચાર દિવસ દરરોજ ૧૧ થી ૧૨ હજાર કેસ સામે આવી રહ્યા હતા તો ગુરૂવારના રિપોર્ટ પ્રમાણે કોરોના સંક્રમણના એક જ દિવસમાં ૨૨૦૦૦થી વધુ નવા કેસ સામે આવ્યા. અંદાજે અઢી મહિના બાદ દેશમાં કોરોનાના ૨૨ હજાર નવા કેસ સામે આવ્યા છે. તો આ સતત ૮મો દિવસ એવો છે જ્યારે એક દિવસમાં કોરોનાના ૧૫૦૦૦થી વધુ નવા કેસ સામે આવ્યા છે.

દેશમાં એક દિવસમાં કોવિડ-૧૯ના ૨૨૮૫૪ નવા કેસ સામે આવ્યા બાદ દેશમાં સંક્રમણના કેસ વધીને ૧,૧૨,૮૫,૫૬૧ થઈ ગયા. તો ૧૨૬ લોકોના મોત બાદ મૃતકોની સંખ્યા વધીને ૧,૫૮,૧૮૯ થઈ ગઈ છે. દેશમાં અત્યારે ૧,૮૯,૨૨૬ લોકો કોરોના વાયરસ સંક્રમણની સારવાર ચાલી રહી છે અને ૧,૦૯,૩૮,૧૪૬ લોકો સંક્રમણ મુક્ત થઈ ચૂકયા છે. તો દિલ્હીમાં લગભગ બે મહિના બાદ કોરોના વાયરસ સંક્રમણના સૌથી વધુ ૩૭૦ નવા કેસ સામે આવ્યા.

મુંબઈમાં એક વખત ફરીથી કોરોના વાયરસ ઝડપથી પગ પેસારો કરી રહ્યું છે. મુંબઈમાં ૪ મહિના બાદ કોરોનાના નવા કેસ ૧૧૦૦થી વધુ મળી રહ્યા છે. માર્ચના શરૂઆતના સપ્તાહથી કોરોનાના નવા કેસ ૧૦૦૦થી વધુ મળી રહ્યા છે. ૧ માર્ચથી ૯ માર્ચ સુધી મુંબઈમાં કોરોનાના ૯૬૬૯ નવા દર્દી મળ્યા છે, જ્યારે ઑક્ટોબરમાં આ ૯ દિવસમાં ૧૯૬૯૯ દર્દી મળ્યા હતા.

કર્ણાટકમાં કોરોનાના દક્ષિણ આફ્રિકન સ્ટ્રેન

કર્ણાટકમાં દક્ષિણ આફ્રિકાના કોરોના વાયરસના ચેપના સ્ટ્રેનનો પહેલો કેસ નોંધાયો છે. રાજ્યના આરોગ્ય વિભાગે બુધવારે પોતાના બુલેટિનમાં આ માહિતી આપી હતી. જોકે, વિભાગે આ મામલે વિસ્તૃત માહિતી આપી નથી. કર્ણાટકમાં અત્યાર સુધીમાં ૨૯ લોકો કોરોના વાયરસના બ્રિટિશ સ્ટ્રેનથી સંક્રમિત થઈ ચૂકયા છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં ત્રણ વખત એક દિવસમાં કોરોના સંક્રમણના ૧૦ હજારથી ઓછા દર્દીઓ આવ્યા હતા. ત્યારબાદ માર્ચમાં કોરોનાવાળા દર્દીઓની સંખ્યા વધી રહી છે. અગાઉ ગયા વર્ષે ડિસેમ્બરમાં દરરોજ ૨૦ હજારથી વધુ કેસ નોંધાયા હતા. ફરી એકવાર કોરોનાના રોજિંદા કેસો ૨૨ હજારનો આંકડો વટાવી ગયા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૨-૦૩-૨૦૨૧, શુક્રવાર, મહા વદ-૧૪, સૂર્યોદય-૬-૩૪, સૂર્યાસ્ત-૬-૨૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતભિષ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# આજે વડાપ્રધાન મોદી આવશે અમદાવાદ: દાંડીયાત્રાનો પ્રારંભ કરાવશે



અમદાવાદ, આવતીકાલે એટલે કે, ૧૨ માર્ચના રોજ દાંડીયાત્રા દિવસની ઉજવણી થવાની છે. વડાપ્રધાન મોદી પણ અમદાવાદ ખાતે આવશે અને ગાંધી આશ્રમથી દાંડીયાત્રાનો પ્રારંભ કરાવી યાત્રામાં ભાગ લેશે.

ભારતની આઝાદીના ૭૫માં વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીનો મુખ્ય કાર્યક્રમ આવતીકાલે સાબમતી આશ્રમ ખાતે વડાપ્રધાન મોદીની ઉપસ્થિતિમાં યોજાવાનો છે. પીએમ મોદી કાલે સવારે અમદાવાદ આવશે અને ૧૦ વાગ્યાની આસપાસ ગાંધી આશ્રમ જશે. આ જ દિવસે રાજ્યના ૩૩ જિલ્લામાં મંત્રીમંડળના સભ્યો, ધારાસભ્યો, સાંસદો, પદાધિકારીઓની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. મુખ્ય કાર્યક્રમમાં પીએમ મોદીની સાથે સીએમ રૂપાણી ઉપસ્થિત રહેશે. જ્યારે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ રાજકોટ, ભાજપ પ્રમુખ સી.આર પાટીલ નવસારી, સુરતના કાર્યક્રમોમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે.

અમદાવાદના સાબરમતી આશ્રમમાં ૧૨મી માર્ચે વડાપ્રધાન મોદી આવી રહ્યા છે. તે સમયે કેન્દ્રના કેટલાક દિગ્ગજ નેતાઓ પણ તેમની સાથે આવશે. દાંડી યાત્રાના ૯૧ વર્ષ થઈ રહ્યા હોવાના અવસરે દાંડી પુલ પર ખૂદ નરેન્દ્ર મોદી ચાલતા જશે. જે માટે આજે એસપીજી અને ગુજરાત પોલીસની ટીમે મોદીની વિઝીટના સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું. અહીંયા તેઓ પહેલા ગાંધીની પ્રતિમાને સુતરની આટી પહેરાવશે ત્યાર બાદ હૃદય કુંજ જશે અને ત્યાંથી તેઓ ચાલતા દાંડી બ્રિજ તરફ જશે.

આ દરમિયાન ટ્રાફિકમાં અડચણ ન રહે તે માટે અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા કેટલાક રૂટ ઉપર ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યા છે. ટ્રાફિક પોલીસ બહાર પાડેલા જાહેરનામા મુજબ આવતીકાલે સુભાષબ્રિજથી ગાંધીઆશ્રમ, વાડજ સર્કલ સુધીનો રસ્તો સવારે ૭થી બપોરે ૩ વાગ્યા સુધી વાહનોની અવરજવર માટે સંપૂર્ણપણે બંધ રહેશે.

વૈકલ્પિક રોડ તરીકે આરટીઓ સર્કલથી રાણીપ થઈને નવાવાડજ પોલીસ ચોકી થઈ અને વાડજ સર્કલ તરફ જઈ શકશે. જયારે સવારે ૧૧ વાગ્યાથી વાડજ સર્કલથી ઈન્કમટેક્સ બ્રિજ, નેહરુબ્રિજ, એલિસબ્રિજ, વીએસ હોસ્પિટલ, પાલડી ચાર રસ્તા, પાલડી ચાર રસ્તાથી એનઆઈડી રોડ સંપૂર્ણપણે તથા જમાલપુર બ્રિજ નીચે થઈ બહેરામપુરા મેલડી માતા મંદિર રોડ તરફ થઈ દાણીલીમડા ચાર રસ્તા સુધીનો એક તરફનો માર્ગ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

મળતી માહિતી પ્રમાણે પદયાત્રા જેમ જેમ આગળ વધશે તેમ પોલીસ દ્વારા ડાયવર્ઝન દૂર કરવામાં આવશે અને રોડ ખુલ્લા કરવામાં આવશે. વૈકલ્પિક માર્ગ તરીકે વાડજ અને આશ્રમ રોડ તરફ જવા માટે વાડજ કટથી રિવરફ્રન્ટ વેસ્ટ રોડથી જઈ શકાશે. જમાલપુર તરફ જવા માટે એલિસબ્રિજ પરથી વિક્ટોરિયા ગાર્ડન, ખમાસા અને આસ્ટોડિયા થઈ જમાલપુર જઈ શકાશે. જયારે ગીતા મંદિરથી મજૂરગામ થઈ ભુલાભાઈ પાર્ક, શાહઆલમ થઈ અને દાણીલીમડા ચાર રસ્તા તરફ જઈ શકાશે.

# દિલ્હી-મહારાષ્ટ્ર સરકાર પેટ્રોલ-ડિઝલને GSTના દાયરામાં લાવવા તૈયાર...!



ન્યુ દિલ્હી, પેટ્રોલ અને ડીઝલના ભાવ ભલે ૧૨ દિવસથી વધ્યા ન હોય પરંતુ સામાન્ય માણસને રોજ ભારે કિંમત ચૂકવવી પડી રહી છે. નાણા પ્રધાન નિર્મલા સીતારામન, આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસથી લઈને પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન સુધી બધાએ તેલના વધતા ભાવ અંગે ચિંતા વ્યક્ત કરી છે, પરંતુ કંઈ નક્કર પરિણામ આવ્યું નથી. નાણામંત્રી નિર્મલા સીતારામને પણ સૂચન આપ્યું છે કે પેટ્રોલિયમ પેદાશોને જીએસટીના દાયરામાં લાવવી જોઈએ અને આ અંગે જીએસટી કાઉન્સિલમાં ચર્ચા થવી જોઈએ, જયાં કેન્દ્ર અને તમામ રાજ્યોના પ્રતિનિધિઓ હાજર હોય. આ દરમિયાન સમાચાર સામે આવ્યા છે કે દિલ્હી અને મુંબઈ સંમત થયા છે કે પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવા જોઈએ. સંભવતઃ આ પહેલી વાર છે કે જે રાજયો મહેસુલમાં થયેલા નુકસાનને કારણે અત્યાર સુધી આ પગલું ભરવાથી બચી રહ્યા હતા, તે હવે આગળ આવીને જાતે જ અમલ કરવાની વાત કરી રહ્યા છે.

દિલ્હીના ગૃહ પ્રધાન સત્યેન્દ્ર જૈને એસેમ્બલીમાં કહ્યું હતું કે, મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવાની માંગ કરી છે. ખરેખર, દિલ્હી વિધાનસભાના વિપક્ષી નેતા રામવીરસિંહ બિધૂડીએ ચર્ચા દરમિયાન કહ્યું હતું કે, જો પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવામાં આવશે, તો કિંમતોમાં ૨૫ રૂપિયા ઘટાડો થશે. આ અંગે સત્યેન્દ્ર જૈને કહ્યું કે તમે એક પ્રતિનિધિ મંડળ લઈને કેન્દ્ર સરકારને મળો, અમારા બધા ધારાસભ્યો તમારી સાથે ચાલશે. આ પગલાથી દિલ્હીની સાથે સાથે આખા દેશને ફાયદો થશે. આ પહેલા ચર્ચા દરમિયાન બિધૂડીએ આરોપ લગાવ્યો હતો કે આમ આદમી પાર્ટીની સરકારના ઉંચા વેટને કારણે દિલ્હીમાં પેટ્રોલ અને ડીઝલ મોંઘા છે.

દિલ્હીની સાથે મહારાષ્ટ્રએ પણ પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવાની માંગ કરી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે જણાવ્યું હતું કે, જો પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવામાં આવે તો કેન્દ્ર તેમજ રાજ્ય સરકારોને ફાયદો થશે. તેમણે ખાતરી આપી હતી કે જો કેન્દ્ર સરકાર આ કરે તો મહારાષ્ટ્ર સરકાર આ નિર્ણયને સમર્થન આપશે.

મજાની વાત તો એ છે કે કેન્દ્રથી લઈને રાજ્ય સરકારો માત્ર પેટ્રોલ અને ડીઝલ અંગે નિવેદનો આપી રહી છે, હજી સુધી કોઈએ સત્તાવાર દરખાસ્ત આપી નથી. રાજ્યસભામાં એક લેખિત જવાબમાં નાણાં રાજ્ય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું છે કે સરકાર પાસે હજુ સુધી આવી કોઈ દરખાસ્ત આવી નથી. તેમણે કહ્યું કે પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવા માટે જીએસટી કાઉન્સિલનો પ્રસ્તાવ જરૂરી છે, પરંતુ હજી સુધી આવુ થયુ નથી.

## દૈનિક રાશીફળ
તા.૧૨.૦૩.૨૦૨૧ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- મુશ્કેલ લાગતા કાર્યોમાં સરળતા જોવા મલે. નવી ઓળખાણથી લાભ, પ્રવાસમાં ન ધારેલો લાભ રહે.
વૃષભ(બ.વ.ઉ.) :- રહેણાકના મકાનમાં ફેરફારો કરવાની ઈચ્છા ફળે જીવનસાથીનો સહકાર મલવાનો. મિત્રોથી લાભ.
મિથુન(ક.છ.ઘ.) :- સંતાનોની સગાઈના પ્રશ્નોમાં અનુકુળતા રહે. વડીલોનો સહકાર મલે. રાજકીય લાભ મલવાનો.
કર્ક(ડ.હ.) :- પ્રગતિમાં આવતા અવરોધો દૂર કરવામાં સફળતા અગાઉ કહેલી બચત ઉપયોગમાં આવે-પ્રવાસ થાય.
સિંહ(મ.ટ.) :- ઉપરી વર્ગ સાથે મહત્વની ચર્ચા-વિચારણા થાય નોકરીમાં ચીવટ જરૂરી શેર સટ્ટામાં જાળવવું
કન્યા(પ.ઠ.ણ.) :- અપરણીતોને મનગમતી વ્યકિત સાથે સગઈાની ઈચ્છા ફળે. ઉધારી ધંધાર્થી સાવધાની રાખવી છે. ધાર્મિક કાર્યથી લાભ.
તુલા(ર.ત.) :- વહીવટી કાર્ય શકિતનો લાભ મલવાનો ન ધારેલી સફળતા રહે. સ્વાસ્થ્ય બાબત સાધારણ ટેન્સશન રહે.
વૃશ્ચિક(ન.ય.) :- પરિવારના સભ્યો સાથે નાણાકીય બાબતોના ચર્ચા-વિચારણા થાય. દિવસ મહત્વનો રહે. કર્જ ન કરવું.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- પ્રિય વ્યકિતની મુલાકાત માટે સમય ફાળવવો પડે. રાજકીય લાભ રહે. ઉત્સાહમાં વધારો થવાનો.
મકર(ખ.જ.) :- પ્રોપર્ટી બાબતના પ્રશ્નોમાં અનુકુળતા રહે. વિદેશથી નાણાકીય લાભ રહે. અંગત જીવનના પ્રશ્નોથી તનાવ રહે.
કુંભ(ગ.શ.સ.) :- વધુ પડતી અપેક્ષાથી દૂર રહેશો. સામાજીક કાર્યોમાં કોઈની મદદ મલે. ધાર્મિક કાર્યમાં સફળતા રહે.
મીન(દ.ચ.ઝ.) :- કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો શેર સટ્ટામાં સમજદારી કેળવજો વડીલોના સ્વાસ્થ્ય બાબત જાળવવું.



# આઝાદીના અમૃત મહોત્સવની શાનદાર ઉજવણી



આઝાદીનો અમૃત મહોત્સવ

૧૨ માર્ચ ૨૦૨૧ | સાબરમતી આશ્રમ, અમદાવાદ

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત છે

આઝાદીના અમૃત મહોત્સવની દેશવ્યાપી ઉજવણીનો વડાપ્રધાનશ્રીના વરદ્ હસ્તે શુભારંભ

તારીખ: ૧૨.૦૩.૨૦૨૧, સમય: સવારે ૯:૩૦ કલાકે
સ્થળ: સાબરમતી આશ્રમ, અમદાવાદ

આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ગુજરાતમાં આયોજીત વિવિધ કાર્યક્રમો

**૭૫ અઠવાડિયા** સુધી અનેક કાર્યક્રમોથી આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરાશે

**૧૨મી માર્ચે** સાબરમતી આશ્રમથી પદયાત્રીઓ દાંડીકૂચ કરશે, ૫મી એપ્રિલે દાંડી પહોંચશે

અમદાવાદ, રાજકોટ, પોરબંદર, માંડવી, કચ્છ, બારડોલી, દાંડી જેવા ઐતિહાસિક સ્થળો ઉપરાંત **રાજયનાં ૭૫** સ્થળોએ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી

વિવિધ કાર્યક્રમોમાં પદાધિકારીઓ, અગ્રણીઓ, મંત્રીશ્રીઓ રહેશે ઉપસ્થિત

સમગ્ર રાજયમાં આઝાદીનું ગૌરવગાન કરાશે અને સ્વાતંત્ર્ય વીરોની શૌર્યગાથાઓને ઉજાગર કરાશે

ભવ્ય ભારતના નિર્માણ માટે યુવાનોને પ્રોત્સાહિત કરાશે

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં આવો, આપણે સૌ સહભાગી બનીએ
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી

આવો, આ પર્વને ભારતના જન-જનનું, હર મનનું પર્વ બનાવીએ...


# આજે ૧૨ મી માર્ચ એટલે ઐતિહાસિક દાંડીકૂચ દિવસ



દાંડીકૂચ એ મહાત્મા ગાંધીના નેતૃત્ત્વમાં અંગ્રેજ શાસન સામે કરવામાં આવેલ અહિંસક સવિનય કાનૂનભંગની ચળવળ હતી. ૧૨ માર્ચ થી ૬ એપ્રિલ ૧૯૩૦ દરમિયાન ૨૪ દિવસ સુધી ચાલેલી આ યાત્રામાં અંગ્રેજ સરકારના મીઠા પર લગાડવામાં આવેલા કર વિરુદ્ધ અહિંસક પ્રતિરોધ દ્વારા પ્રત્યક્ષ કાર્યવાહીનું પ્રતીક રૂપે અભિયાન હતુ. આઝાદીનો સૌથી મોટો સત્યાગ્રહ આ યાત્રા હતો .મહાત્મા ગાંધીએ પોતાના ૭૯ ચુનંદા સ્વયંસેવકો સાથે આ દાંડી સત્યાગ્રહની શરૂઆત કરી. રોજ ૧૦ થી ૧૫ જેટલુ માઈલ અંતર કાપતી આ દાંડીકૂચ સાબરમતી આશ્રમથી શરુ થઈ નવસારી નજીક દરિયાકિનારે આવેલા દાંડીના દરિયા કિનારે પૂરી કરવામાં આવી. અહીં 'નમક કા કાનૂન તોડ દિયા' ના નારા સાથે મીઠાનો કાયદાનો વિરોધ ચપટી મીઠુ ઉપાડીને કર્યો. ગાંધીજી ના 'કાગડા કૂતરાના મોતે મરીશ પણ સ્વરાજ્ય લીધા વિના આ આશ્રમમાં પાછો નહીં ફરુ' એવા મહાભિનિષ્ક્રમણ નિર્ણય સાથે સાબરમતી આશ્રમથી નીકળેલી દાંડીકૂચના માર્ગમાં હજારો ભારતીય લોકો આ કૂચમાં જોડાતા ગયા. આશ્રમમાં ત્રણ ભજનોનું ગાન કરી યાત્રીઓને હારતોરા કરી કુંમ-કુંમ તિલક કરી યાત્રા વહેલી પરોઢે દાંડી તરફ રવાના થઈ. રસ્તામાં આવતાં દરેક ગામોમાં સફાઈ, સ્વચ્છતા, નિરક્ષરતા નિવારણ, અંત્યોદય નિવારણ, અસ્પૃશ્યતા નિવારણ, ખાદી અને ગાંધી વિચાર ઝૂંબેશ જેવા કાર્યક્રમો થતા. રાત્રિ રોકાણના ગામમાં આઝાદી કેમ મેળવવી તેની યોજનાઓ બનતી, ભાષણો થતાં. ગામે ગામ સ્વાગત થતાં. લોકો ગાંધીજીને એક મિશાલની જેમ જોતા. બહેનો પણ આઝાદીના ભજનો અને અંગ્રેજોને હાંકી કાઢવાના અનેક કાર્યોમાં આગળ હતી. ૫-એપ્રિલ સાંજે દાંડીકૂચ દાંડી મુકામે પહોચી અને બીજા દિવસે ૬ એપ્રિલના રોજ સવારે ૬:૩૦ કલાકે ગાંધીજીએ મીઠાનો કાયદો તોડી નાખ્યો જેના પરિણામે સમગ્ર દેશમાં આવા અહિંસક સવિનય કાનૂન ભંગ આંદોલન શરૂ થયા. ગાંધીજીએ સાબરમતી આશ્રમથી શરૂ કરેલ આ યાત્રા દરમ્યાનની પ્રાર્થનાસભાઓમાં તથા કાર્યક્રમોએ વિશ્વભરના સમાચાર માધ્યમોમાં ધ્યાન આકર્ષિત કર્યું. તેમના નિવેદનોથી તેમની ધરપકડ થવાની સંભાવના વધતી રહી. ભારતીય, યુરોપીયન તથા અમેરીકન સમાચારપત્રોના સંવાદદાતાઓ અને ફિલ્મ કંપનીઓએ આ સમગ્ર ઘટનાક્રમના દસ્તાવેજી અહેવાલ પ્રગટ કર્યા હતા. દાંડીકૂચ માટે ગાંધીજી કડક શિસ્ત અને અહિંસાના આગ્રહી હોય આ કારણોસર જ તેમણે કૂચ માટે પોતાના આશ્રમમાં પ્રશિક્ષિત સ્વયંસેવકો પર વધારે પસંદગી ઉતારી હતી. એ વખતના અમદાવાદ, ખેડા, ભરુચ, સુરત અને નવસારી જિલ્લા અને ૪૮ ગામોને આવરી લેતી ૨૪ દિવસની દાંડીકૂચ દરમિયાન રાત્રિરોકાણ, સંપર્કો અને સમય આયોજન સાથેની યોજના તૈયાર કરવામાં આવી. દાંડીકૂચ પહેલાં ગાંધીજીએ પ્રત્યેક ગામમાં પોતાના સ્વયંસેવકો મોકલ્યા જેથી તે સ્થાનિકો સાથે મળીને રાત્રિરોકાણની વ્યવસ્થા કરી શકે. પ્રત્યેક કાર્યક્રમને સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય સમાચારપત્રોમાં પ્રકાશિત કરાયા. કૂચની પૂર્વ સંધ્યાએ હજારો ભારતીયો ગાંધીજીના પ્રાર્થનાસભાના ભાષણને સાંભળવા સાબરમતી આશ્રમે ઉમટી પડ્યા. આ દાંડીકૂચમાં ગાંધીજી સહિત કુલ ૮૦ સ્વયંસેવકોએ ભાગ લીધો જે પૈકી મોટાભાગનાની ઉંમર ૨૦ થી ૩૦ વર્ષની હતી. દાંડીમાં કાનૂનભંગ બાદ ગાંધીજી દક્ષિણના દરિયાકિનારા તરફ આગળ વધ્યા અને મીઠાનો કાયદો તોડવાની સાથે માર્ગમાં સભાઓને સંબોધિત કરતા રહ્યા. દાંડીની દક્ષિણે ૨૫ માઈલ દૂર આવેલા ધરાસણા ખાતે સત્યાગ્રહ કરવાની યોજના બનાવી પરંતુ યોજના કાર્યાન્વિત થાય તે પહેલાં જ ૪ મે-૧૯૩૦ ની મધ્યરાત્રિએ ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. દાંડીકૂચ અને નક્કી કરેલ ધરાસણા સત્યાગ્રહે સમાચાર માધ્યમો દ્વારા ભારતની આઝાદીની લડત તરફ વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું. મીઠાના કાયદા વિરુદ્ધનો આ અહિંસક વિરોધ લગભગ એક વર્ષ સુધી ચાલ્યો અને મહાત્મા ગાંધીની જેલ મુક્તિ બાદ વાઈસરોય ઈરવીન સાથેની બીજી ગોળમેજી પરિષદ સાથે સમાપ્ત થયો.મીઠાના સત્યાગ્રહ દરમિયાન લગભગ ૬૦,૦૦૦ જેટલાં ભારતીયોને જેલમાં પૂરી દેવામાં આવ્યા. જોકે, આ સત્યાગ્રહ અંગ્રેજો તરફથી મોટી કર માફી અપાવવામાં નિષ્ફળ રહ્યો. પણ આઝાદી અપાવવામાં ખૂબ ઉપયોગી રહ્યો. આ દાંડીકુચથી અંગ્રેજી સાશનના પાટિયા ડગી ગયા અને આ યાત્રાનો મૂળ હેતુ મીઠાના કાયદાને તોડવાના પ્રતીકરૂપે ભારતને આઝાદી અપાવવાના ભાગ રૂપે લોકોને જાગૃત કરવા માટે હતી. દાંડીકૂચ સંબંધિત રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારક નામનું એક સ્મારક સંગ્રહાલય ૩૦ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ દાંડી મુકામે ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. અમદાવાદથી દાંડી સુધીનો માર્ગ વર્લ્ડ હેરિટેજ માર્ગ તરીકે જાહેર કર્યો છે. માર્ગના મહત્વના સ્થળોએ દાંડી સ્મારકો પણ બનાવવામાં આવ્યા છે. ઐતિહાસિક દાંડીકૂચનું પુનઃઆવર્તન અનેક વખત થયુ છે. આર્ટિકલના લેખક મહેન્દ્ર પરમાર પંચમહાલ પણ ૧૯૯૮માં આઝાદીની સુવર્ણ જયંતી અવસરે સરકાર દ્વારા યોજાયેલ દાંડીકૂચ સ્મરણ યાત્રામાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે સહભાગી થયા હતા જે અહીં નોંધાવું ઘટે. ૧૯૩૦ની દાંડીકૂચ દરમિયાન એ વખતનો દાંડીયાત્રાનો કાર્યક્રમ અને તારીખ સહિત સ્થળો જાણવાનો અહીં પ્રયત્ન કરીશું.

૧૨-૦૩-૧૯૩૦ બુધવાર ચંડોલા તળાવ-અસલાલી
૧૩-૦૩-૧૯૩૦ ગુરુવાર બારેજા-નવાગામ
૧૪-૦૩-૧૯૩૦ શુક્રવાર વાસણા-માતર
૧૫-૦૩-૧૯૩૦ શનિવાર ડભાણ-નડીઆદ
૧૬-૦૩-૧૯૩૦ રવિવાર બોરિયાવી- આણંદ
૧૭-૦૩-૧૯૩૦ સોમવાર આણંદ ખાતે આરામ.
૧૮-૦૩-૧૯૩૦ મંગળવાર નાપા-બોરસદ
૧૯-૦૩-૧૯૩૦ બુધવાર રાસ-કંકાપુરા
૨૦-૦૩-૧૯૩૦ ગુરુવાર મહિસાગર કિનારે કારેલી
૨૧-૦૩-૧૯૩૦ શુક્રવાર ગજેરા-અણખી
૨૨-૦૩-૧૯૩૦ શનિવાર જંબુસર-આમોદ
૨૩-૦૩-૧૯૩૦ રવિવાર ભુવા-સમની
૨૪-૦૩-૧૯૩૦ સોમવાર સમની ખાતે આરામ
૨૫-૦૩-૧૯૩૦ મંગળવાર ત્રાલસા-દેરોલ
૨૬-૦૩-૧૯૩૦ બુધવાર ભરુચ-અંકલેશ્વર
૨૭-૦૩-૧૯૩૦ ગુરુવાર સાંજોદ-માંગરોલ
૨૮-૦૩-૧૯૩૦ શુક્રવાર રાયમા-ઉમરાચી
૨૯-૦૩-૧૯૩૦ શનિવાર અરથાણ-ભટગામ
૩૦-૦૩-૧૯૩૦ રવિવાર સાંધિયેર-દેલાડ
૩૧-૦૩-૧૯૩૦ સોમવાર દેલાડ ખાતે આરામ
૦૧-૦૪-૧૯૩૦ મંગળવાર છાપરાભાઠા-સુરત
૦૨-૦૪-૧૯૩૦ બુધવાર ડિંડોલી-વાંઝ
૦૩-૦૪-૧૯૩૦ ગુરુવાર ધમણ-નવસારી
૦૪-૦૪-૧૯૩૦ શુક્રવાર વિજલપુર- કરાડી
૦૫-૦૪-૧૯૩૦ શનિવાર કરાડી-માટવાડ-દાંડી.
૦૬-૦૪-૧૯૩૦( વહેલી પરોઢે ચપટી મીઠું ઉપાડી સત્યાગ્રહ પૂરો કર્યો).

### ૧૯૩૦માં દાંડીયાત્રામાં જોડાયેલ ગાંધીજી સહિતના યાત્રીઓ આ મુજબ હતા

૧. મોહનદાસ કરમચંદ ગાંધી પોરબંદર ગુજરાત
૨. પ્યારેલાલ નાયર પંજાબ
૩. છગનલાલ નાથુભાઈ જોશીગુજરાત
૪. પંડિત નારાયણ મોરેશ્વર ખેરે મહારાષ્ટ્ર
૫. ગણપતરાવ ગોડસે મહારાષ્ટ્ર
૬. પૃથ્વીરાજ લક્ષ્મીદાસ આશર ગુજરાત
૭. મહાવીર ગીરી નેપાળ
૮. બાલ દત્તાત્રેય કાલેલકર મહારાષ્ટ્ર
૯. જયંતી નાથુભાઈ પારેખ ગુજરાત
૧૦. રસિક દેસાઈ ગુજરાત
૧૧. વિઠ્ઠલ લીલાધર ઠક્કર ગુજરાત
૧૨. હરખજી રામજીભાઈ ગુજરાત
૧૩. તનુષ્ક પ્રાણશંકર ભટ્ટ ગુજરાત
૧૪. કાન્તિલાલ હરીલાલ ગાધી ગુજરાત
૧૫. છોટુભાઈ ખુશાલભાઈ પટેલ ગુજરાત
૧૬. વાલજીભાઈ ગોવિંદજી ગુજરાત
૧૭. પન્નાલાલ બાલાભાઈ ઝવેરી ગુજરાત
૧૮. અબ્બાસ વરતેજી ગુજરાત
૧૯. પૂંજાભાઈ શાહ ગુજરાત
૨૦. માધવજીભાઈ ઠક્કર ગુજરાત
૨૧. નારણજીભાઈ કચ્છ ગુજરાત
૨૨ મગનભાઈ વ્હોરા કચ્છ ગુજરાત
૨૩. ડુંગરશીભાઈ કચ્છ ગુજરાત
૨૪. સોમાભાઈ પ્રાગજીભાઈ પટેલ ગુજરાત
૨૫. હસમુખભાઈ જકાબર ગુજરાત
૨૬. દાદુભાઈ ગુજરાત
૨૭. રામજીભાઈ વણકર ગુજરાત
૨૮. દિનકરરાય પંડ્યા ગુજરાત
૨૯. દ્વારકાનાથ મહારાષ્ટ્ર
૩૦. ગજાનન ખરે મહારાષ્ટ્ર
૩૧. જેઠાલાલ રુપરેલ ગુજરાત
૩૨. ગોવિંદ હરકરે મહારાષ્ટ્ર
૩૩. પાંડુરંગ મહારાષ્ટ્ર
૩૪. વિનાયકરાવ આપ્ટે મહારાષ્ટ્ર
૩૫. રામધીરરાય સંયુક્ત પ્રાંત
૩૬. ભાનુશંકર દવે ગુજરાત
૩૭. મુન્શીલાલ સંયુક્ત પ્રાંત
૩૮. રાઘવન મદ્રાસ પ્રાંત કેરળ
૩૯. રવજીભાઈ નાથાલાલ પટેલ ગુજરાત
૪૦. શીવાભાઈ ગોકળભાઈ પટેલ ગુજરાત
૪૧. શંકરભાઈ ભીખાભાઈ પટેલ ગુજરાત
૪૨. જશાભાઈ ઈશ્વરભાઈ પટેલ ગુજરાત
૪૩. સુમંગલમ પ્રકાશ સંયુક્ત પ્રાંત
૪૪. ટી. ટીટુસ મદ્રાસ કેરલ
૪૫. ક્રિષ્ણા નાયર મદ્રાસ કેરલ
૪૬. તપન નાયર મદ્રાસ કેરલ
૪૭. હરિદાસ વરજીવનદાસ ગાંધી ગુજરાત
૪૮. ચિમનલાલ નરસિંહલાલા શાહ ગુજરાત
૪૯. શંકરન મદ્રાસ કેરલ
૫૦. સુબ્રમણયમ આંધ્ર પ્રદેશ
૫૧. રમણલાલ મગનલાલ મોદી ગુજરાત
૫૨. મદનમોહન ચતુર્વેદી રાજસ્થાન
૫૩. હરિલાલ મહિમૂત્રા મહારાષ્ટ્ર
૫૪. મોતીબાસ દાસ ઓરિસ્સા
૫૫. હરિદાસ મઝુમદાર ગુજરાત
૫૬. આનંદ હિંગોરીણી સિંધ સિંધ
૫૭. મહાદેવ માર્તંડ કર્ણાટક
૫૮. જયંતીપ્રસાદ સંયુક્ત પ્રાંત
૫૯. હરીપ્રસાદ સંયુક્ત પ્રાંત
૬૦. અનુરાગ નારાયણ સિંહા બિહાર
૬૧. કેશવ ચિત્રે મહારાષ્ટ્ર
૬૨. અંબાલાલ શંકરભાઈ પટેલ ગુજરાત
૬૩. વિષ્ણુ પંત મહારાષ્ટ્ર
૬૪. પ્રેમરાજ પંજાબ
૬૫. દુર્ગેશચંદ્ર દાસ બંગાળ બંગાળ
૬૬. માધવલાલ શાહ ગુજરાત
૬૭. જ્યોતિરામ સંયુક્ત પ્રાંત
૬૮. સૂરજભાણ પંજાબ
૬૯. ભૈરવ દત્ત સંયુક્ત પ્રાંત
૭૦. લાલજી પરમાર ગુજરાત
૭૧. રતનજી બોરીઆ ગુજરાત
૭૨. વિષ્ણુ શર્મા મહારાષ્ટ્ર
૭૩. ચિંતામણી શાસ્ત્રી મહારાષ્ટ્ર
૭૪. નારાયણ દત્ત રાજસ્થાન
૭૫. મણિલાલ મોહનદાસ ગાંધી ગુજરાત
૭૬. સુરેન્દ્ર સંયુક્ત પ્રાંત
૭૭. હરિક્રિષ્ણા મોહોની મહારાષ્ટ્ર
૭૮. પૂરાતન બૂચ ગુજરાત
૭૯. ખડગ બહાદુરસિંઘ ગીરી નેપાળ
૮૦. શ્રી જગત નારાયણ ઉત્તર પ્રદેશ.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લેસર શોના સમયમાં ફેરફાર કરાયો

કેવડિયા,

સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અન્ય આકર્ષણોને કારણે કેવડિયા દેશ-વિદેશના પ્રવાસીઓ માટે હોટ ફેવરિટ બન્યું છે. ત્યારે અહીં આવનારા લોકો જંગલ સફારીની મુલાકાત લેવાનું જરાય ચૂકતા નથી. કુદરતના સાનિધ્યમાં નવા નવા જંગલી પ્રાણીઓને જોઈ લોકોનું મન પ્રફુલ્લિત થઈ જાય છે. પ્રવાસીઓનો આ ઉત્સાહ જળવાઈ રહે તે માટે જંગલ સફારીમાં કેટલાક સમય પહેલા જ બ્લેક પેન્થર અને હિપ્પોપોટેમસ લાવવામાં આવ્યા છે.



બીજી બાજુ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લેસર-શો (પ્રોજેક્શન મેપિંગ શો )ના સમયમાં ફેરફાર કરાયો હોવાની માહિતી મળી રહી છે. ઉનાળો શરૂ થતાં પ્રવાસીઓના ઘસારાના કારણે ૧૦ માર્ચથી સાંજનાં ૦૭.૦૦ કલાકનાં બદલે ૦૭.૩૦ કલાકથી લેસર શો (પ્રોજેક્શન મેપિંગ શો) શરૂ કરવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સાંજનાં સમયે યોજાતા લેસર-શો (પ્રોજેક્શન મેપીંગ શો) પ્રવાસીઓ માટે અત્રેનાં મુખ્ય આકર્ષણ પૈકી એક છે. સામાન્ય રીતે સાંજનાં ૦૭.૦૦ કલાકે પ્રવાસીઓ માટે આ શો શરૂ કરવામાં આવે છે. પરંતુ હાલમાં ઉનાળાની ઋતુનો પ્રારંભ થયો છે, જેના કારણે દિન-પ્રતિદિન દિવસ લાંબો થતો જાય છે. તાત્કાલિક અસરથી મુખ્ય વહીવટદારની કચેરી, સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફથી આજ રોજ ૧૦ માર્ચ પછી માર્ચથી સાંજનાં ૦૭.૦૦ કલાકનાં બદલે ૦૭.૩૦ કલાકથી લેસર શો (પ્રોજેક્શન મેપિંગ શો) શરૂ કરવામાં આવશે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની બેદરકારીને લઈ

# સ્ટોરેજમાં રાખેલ B+ રક્ત ની બોટલો એક્સપાયરી થતાં ખળભળાટ



ગોધરા,

ગોધરા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સ્ટોરેજમાં રાખવામાં આવેલ બી–પોઝીટીવ બ્લડની ૨૩ બોટલ એક્સપાયરી થઈ જતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. રેડક્રોસ સોસાયટીમાં બ્લડની બોટલો એક્સપાયરી ડેટ થઈ જવા માટે જવાબદારો સામે કાર્યવાહી થાય તે જરૂરી બન્યુ છે. ઈન્ડિયન રેડક્રોસના પ્રમુખ જિલ્લા કલેક્ટર હોવાથી આ બાબતે ધ્યાન દોરવામાં આવ્યુ છે.

ગોધરા ખાતે આવેલ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સેવાભાવી સંસ્થાઓ, એન.જી.ઓ.ની મદદથી કેમ્પ યોજી બ્લડ એકત્રિત કરવામાં આવે છે. અને રક્ત જરૂરિયાતમંદ લોકોને આપવામાં આવે છે. સેવાની કામગીરી કરતી ગોધરા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સંસ્થાની બેદરકારી સામે આવી છે. સ્ટોરેજ કરવામાં આવેલ બી–પોઝીટીવ બ્લડની ૨૩ જેટલી બોટલો એક્સપાયરી ડેટ થઈ ગઈ હોવાનુ ખુલવા પામતા ખળભળાટ મચી જવા પામ્યો છે.ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સ્ટોરેજ કરવામાં આવેલ બ્લડની બોટલો એક્સપાયરી ડેટ થવા માટે બેદરકારી કોના દ્વારા દાખવવામાં આવી સત્તાધિશો કે પછી સ્ટાફ તેવા પ્રશ્નો હાલ ઉઠી રહ્યા છે.

> પંચમહાલ જિલ્લા કલેક્ટરે આ અંગે જણાવ્યુ હતુ કે, રેડક્રોસ સોસાયટી ગોધરા પાસે બી-પોઝીટીવ બ્લડ ગ્રુપનો સંપુર્ણ અહેવાલ મંગાવ્યો છે. અને જો અહેવાલ તપાસતા ગંભીર બેદરકારી સામે આવી તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.
> **અમીત અરોરા, જિલ્લા કલેક્ટર, પંચમહાલ**

ગોધરા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સંસ્થાના પ્રમુખ જિલ્લા કલેક્ટર હોવા છતાં રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો દ્વારા મનમાની ચલાવાતી હોવાની બુમો ઉઠવા પામી છે. આવા બેદરકારી દાખવતા અને મનમાની કરતા હોદ્દેદારો સામે જિલ્લા કલેક્ટર દ્વારા કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી તેવા સવાલો ઉઠી રહ્યા છે.

ગોધરા રેડક્રોસ ઈન્ડિયન સોસાયટી દ્વારા રક્તદાતાઓને રક્તદાન મહાદાન છે તેમ કહીને રક્તદાન કરવા માટે પ્રેરીત કરવામાં આવતા હોય છે. આ રીતે એકઠા કરવામાં આવેલ રક્ત જાળવણી કરવામાં કયા કારણોસર બેદરકારી દાખવવામાં આવી છે તેના માટે જવાબદાર કોણ ? તેવા ઉઠતા પ્રશ્નો વચ્ચે રેડક્રોસના સ્ટોરેજમાંથી ૨૩ રક્તની બોટલ એક્સપાયરી થવાની બાબત હોદ્દેદારોના ધ્યાને આવતા ચર્ચાનો વિષય બન્યો છે. રેડક્રોસ સોસાયટીમાં ૨૩ બોટલ રક્ત એક્સપાયરી થઈ જવાથી જવાબદારી સ્ટાફ ઉપર નાંખીને સ્ટાફની પગારમાંથી વસુલાત કરવામાં આવનાર છે. તેમ જણાઈ રહ્યુ છે. જો ગોધરા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીમાં ૨૩ રક્તની બોટલ એક્સપાયરી ડેટ થવાની બાબતને રેડક્રોસના પ્રમુખ જિલ્લા કલેક્ટર ગંભીરતાથી લઈ કાર્યવાહી કરે તે જરૂરી છે.

## શહેરાના આંકડીયા વિસ્તારમાં મોનીટરીંગ સેલે જુગારધામ પર રેડ કરી ૧૧ જુગારીયાને ઝડપ્યા

શહેરા,

શહેરા ના આંકડીયા પરા વિસ્તારમાં ખુલ્લામાં રમાતા જુગારધામ પર સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગર દ્વારા છાપો મારતાં ૧૧ જેટલા જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યા જ્યારે ૪ જેટલાં જુગારીઓ નાસી જવામાં સફળ રહ્યા હતા. સ્ટેટ મોનીટરીંગ સેલે રોકડ રકમ, મોબાઈલ અને વાહન મળીને રૂપિયા ૨,૫૯,૯૫૦ ના મુદ્દામાલ સાથે ૧૫ જુગારીઆઓ સામે જુગાર ધારા હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો.

શહેરા ના આંકડીયા પરા વિસ્તારની સીમમાં સરકારી ખુલ્લી જગ્યામાં મોટાપાયે જુગાર રમાતો હોવાની માહિતી સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગર ને મળી હતી. બાતમીના આધારે વિજિલન્સની ટીમે આંકડીયા પરા વિસ્તારની સીમમાં હાર જીતનો જુગાર રમતા જુગારધામ પર ઓચિંતી રેડ પાડતા જુગારીયામાં નાસભાગ મચી જવા પામી હતી અને અફરાતફરી નો માહોલ સર્જાયો હતો. પોલીસે જુગારધામને ચારેબાજુથી કોર્ડન કરેલ હોવાથી ૧૧ જેટલા જુગાર રમતા જુગારીયાઓ રંગેહાથ ઝડપાઈ જવા પામ્યા હતા. જ્યારે ચાર જુગારીયાઓ સ્થળ પરથી ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે સ્થળ પરથી હાર જીતનો જુગાર રમતા (૧)અજયકુમાર નાનાભાઈ ભોઈ રહે પ્રણામી સોસાયટી રાજેશ્વરી માતા મંદિર સામે લુણાવાડા, (૨) કલ્પેશકુમાર કંચનભાઈ પટેલિયા રહે વસંત સાગર તળાવ પાસે વાવના મુવાડા લુણાવાડા, (૩) કરણભાઈ પ્રવીણભાઈ સાગર રહે વિવેકાનંદ સોસાયટી માર્કેટિંગ યાર્ડ ગોધરા, (૪) વિનોદકુમાર કાળીદાસ પટેલ રહે થાણા સાવલી લુણાવાડા, (૫) રાજેશકુમાર ઈશ્વરદાસ મોતિયણી રહે શિવમ સોસાયટી શહેરા, (૬) ઐયુબભાઈ વલીભાઈ ખાટકી રહે નપણીયા લુણાવાડા, (૭) તોફીક મહેબૂબ શેખ રહે બજાર રોડ શહેરા, (૮) અશ્વિનકુમાર શિવસિહ બારોટ રહે શહેરા ગ્રીન પાર્ક સોસાયટી અણીયાદ ચોકડી પાસે, (૯) મનુભાઈ આલાભાઇ ગઢવી રહે શહેરા અણીયાદ ચોકડી પાસે, (૧૦) ગનીભાઇ અબદુલભાઈ કુરેશી રહે નપણીયા લુણાવાડા, (૧૧) અરવિંદભાઈ કનુભાઈ પરમાર રહે શહેરા સિંધી બજારનાઓને પોલીસ મથક ખાતે લાવી ને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. પોલીસે જુગારધામ પરથી રોકડ રકમ ૯૨,૯૫૦ , મોબાઈલ ૧૪ નંગ તેમજ વાહન ૬ નંગ મળી ને કુલ રૂપિયા ૨,૫૯,૯૫૦ ના મુદ્દામાલ સાથે ૧૫ જુગારીઆઓ સામે ગુન્હો નોંધ્યો હતો જો કે જુગારના સ્થળ પરથી (૧)જાબીર મોહમંદ બેલીમ રહે શહેરા બસ સ્ટેશન પાછળ તળાવ મોહલ્લામાં, (૨) આશિફ મોહમંદ બેલીમ શહેરા બસ સ્ટેશન પાછળ તળાવ મોહલ્લામાં, (૩) એ.પી રહે શહેરા બસ સ્ટેશ સ્ટેશન પાછળ તળાવ મોહલ્લામાં, (૪)બોબીન નામનો ઈસમ રહે લુણાવાડા ને પકડી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

## શહેરા દલવાડાના યુવાનનો મૃતદેહ વિજાપુર ગામે કુવામાંથી મળતાં ચકચાર



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા ના દલવાડા ગામના યુવાન વીરેન્દ્ર સિંહ પગી ની લાશ વિજાપુર ગામમાં આવેલા પાણી ભરેલ કૂવામાંથી મળી આવતા ચકચાર મચી ગઇ હતી. મરણ ગયેલ યુવાન ના પરીવારજનો ના જણાવ્યા અનુસાર યુવક લગ્નમાં ગયા પછી પરત નહી આવતા શોધખોળ શરૂ કરી હતી. યુવાનની લાશને જોતા પરીવારજનોમાં ઘેરો શોક છવાયો હતો. પોલીસ સમક્ષ પરીવારજનોએ યુવાન ની હત્યા થઈ હોવાનો આક્ષેપ કરતા પોલીસ દ્વારા યુવાનની લાશને પાણી ભરેલ કૂવામાંથી બહાર કાઢીને બે ડોકટર દ્વારા પેનલ પી.એમ. કરવામાં આવ્યું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી હતી.

## ગોધરા તાલુકાના વેગનપુર ગામે ૧૫ જેટલા પશુઓના મોત થતાં પશુ ચિકિત્સકોને મોકલવાની માંગ

ગોધરા,

ગોધરા તાલુકાના વેગનપુર ગામે એકસાથે ૧૫ ઉપરાંત પશુઓના મોત થતાં પશુઓને દિવેલા ખાવાથી મોત થયાનુ પશુપાલકોનુ કહેવુ છે સાથે પશુ ચિકિત્સકોને મોકલવાની માંગ કરાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના વેગનપુર ગામે ભરવાડ વાસમાં એકસાથે ૧૫ જેટલા પશુઓના મોત નીપજયાં છે. ભરવાડ વાસના ૨૦૦ ઉપરાંત પશુઓને દિવેલા ખાધા હોવાનો દાવો પશુપાલકો દ્વારા કરાઈ રહ્યો છે. અને દિવેલા ખાવાથી મોત થયાનુ કહવામાં આવી રહ્યુ છે. પશુપાલકો દ્વારા પશુ ચિકિત્સકોને મોકલવાની માંગ કરાઈ હતી. આ બાબતે પશુપાલક વિભાગને જાણ કરવામાં આવી છે.

## વડોદરામાં દારુની મહેફિલ માણસા છ નબીરાને પોલીસે ઝડપી પાડ્યા

વડોદરા,

વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં આવેલા જય અંબે ગરબા ગ્રાઉન્ડમાં કુંડાળું વળીને દારૂની મહેફિલ માણતા ૬ નબીરાઓને પાણીગેટ પોલીસે ઝડપી પાડીને ૩.૧૦ લાખની મત્તા કબજે કરી હતી અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. પાણીગેટ પોલીસ મથકના જવાનો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે જય અંબે ગરબા ગ્રાઉન્ડમાં કેટલાક વ્યક્તિઓ ટુ વ્હીલર વાહનો પાર્ક કરીને દારૂની મહેફિલ માણી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને દારૂની મહેફિલ માણી રહેલા સત્યમ હરેશભાઈ પટેલ(રહે, સુરભી સોસાયટી, વાઘોડિયા રોડ ), કૃણાલ કમલેશભાઈ ચૌહાણ(રહે, રેવા પાર્ક સોસાયટી, વાઘોડિયા રોડ), પ્રિયંક કમલેશભાઈ ચૌહાણ(રહે, રેવા પાર્ક સોસાયટી, વાઘોડિયા રોડ) સંતોષ શાંતારામ શાણે (રહે, વિજયનગર, હરણી રોડ), કવન પ્રશાંતભાઈ મહેતા (રહે, શ્રીનાથ વિહાર સોસાયટી, વાઘોડિયા રોડ) અને કૃણાલ જીતેન્દ્રભાઈ કડુ (રહે, વિજયનગર, હરણી રોડ)ને ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે દારૂની બોટલ, પાણીની બોટલ, પ્લાસ્ટિકના ડિસ્પોઝલ ગ્લાસ, નમકીન, ચાર ટુ-વ્હીલર અને ૬ નંગ મોબાઈલ ફોન મળીને ૩.૧૦ લાખ રૂપિયાની મત્તા કબજે કરી કરી હતી અને તમામ આરોપીઓની જુગારધારા હેઠળ અટકાયત કરી હતી.

## વડોદરામાં સિટી બસ બની કાળ: વૃદ્ધને હડફેટે લેતા મોતને ભેટ્યા



વડોદરા,

વડોદરામાં કાળમુખી સિટી બસે એક વૃદ્ધનો ભોગ લીધો હોવાની ઘટના સામે આવી છે. વડોદરામાં ન્યાય મંદિર વિસ્તારમાં આ ઘટના બની છે. સિટી બસે રાહદારીને ટક્કર મારી હતી. ત્યારબાદ બસ ચાલક બસ મુકીને ફરાર થયો હતો. જુના ન્યાય મંદિર વિસ્તારમાં લહેરીપૂરા ગેટ પાસે સીટી બસ ચાલકે સાયકલ સવાર વૃદ્ધને અડફેટે લેતા ૬૦ વર્ષીય વૃદ્ધનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે, આજે સવારે ૧૧ વાગ્યાના સુમારે ચાર દરવાજા વિસ્તારમાં રહેતા અને નિવૃત જીવન વિતાવતા નીતિન પટેલ શિવરાત્રી પર્વ નિમિત્તે ભોલેનાથના મંદિરે સાયકલ લઈને દર્શન માટે જુના ન્યાયમંદિર નજીકના લહેરી પુરા ગેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા, તે દરમિયાન ગેટ નીચેથી પસાર થતી સીટી બસે વૃદ્ધને અડફેટે લીધા હતા. અકસ્માતને પગલે વૃદ્ધનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને સીટી બસ ચાલક બસ મૂકીને ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે લોકોના ટોળા જામ્યા હતા અને શહેરમાં દોડતી આડેધડ સીટી બસ સામે ફિટકાર વરસાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરા શહેરમાં દર વર્ષે અંદાજીત ૬૦થી વધુ રાહદારીઓ અકસ્માતમાં મૃત્યુ પામે છે. અકસ્માત ઝોનમાં ચાર દરવાજા વિસ્તાર, કારેલીબાગ વુડા સર્કલ, કલાલી, વડસર જીઆઈડીસી સહિતના મુખ્ય માર્ગોનો સમાવેશ થાય છે. જોકે પોલીસનું માનવું છે કે મોટા વાહનોને ઓવરટેક કરવા જતાં પાછળથી અકસ્માત સર્જાય તેવા કિસ્સામાં મોટા વાહન ચાલકોનો વાંક કાઢી શકાય નહીં.

## ગોધરા સહિત જિલ્લામાં મહા શિવરાત્રિના પર્વની ધામધુમથી ઉજવણી

ગોધરા,

ગોધરા શહેર સહિત જિલ્લામાં મહાશિવરાત્રિના પર્વને લઈ ભાવિ ભકતોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વહેલી સવારથી શિવાલયોમાં બમ બમ ભોલેના જવાઘોષથી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા ભુરાવાવ વિસ્તારમાં આવેલ શકિતનાથ મહાદેવ ખાતે સ્ફટિકના શિવલિંગની શિવભકતોએ પુજા-અર્ચના કરી

મહાશિવરાત્રિના પાવન પર્વએ ગોધરા શહેરના અંકલેશ્વર મહાદેવ મંદિર, લાલબાગ ટેકરી મહાદેવ મંદિર, વાવડી બુઝર્ગ મહાદેવ મંદિર, તળાવ રોડ ઉપર આદિત્યનાથ મહાદેવ મંદિર, ભૈરવનાથ મહાદેવ મંદિરોને ફુલહારો અને લાઈટની રોશનીથી શણગારવામાં આવ્યા હતા. સાથે જિલ્લામાં શહેરા ખાતે આવેલ પ્રાચિન મરડેશ્વર મહાદેવ, ધુસર ગામે આવેલ મુદનેશ્વર મહાદેવ મંદિરોમાં પણ શિવરાત્રિના પર્વને લઈ ભોલે ભકતો ઉમટી પડયા હતા. શિવાલયો ઓમ નમ : શિવાય, બમ બમ ભોલે ના નાદથી ગુંજી ઉઠ્યા હતા. ભાવિ ભકતોએ દુધ લીલી પત્ર, થાણી ચઢાવીને પોતાની તેમજ પરિવાર પર ભોલે નાથની કૃપા દ્રષ્ટિ બની રહે તેવી પ્રાર્થના કરી હતી. ગોધરા તેમજ જિલ્લામાં આવેલ શિવાલયોમાં કોરોના કાળને લઈને સોશિયલ ડિસ્ટન્સ જળવાય તેવા પ્રયાસો મંદિર સંચાલકો દ્વારા કરાયા હતા.



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ)ના દેલોલિયા મહાદેવ મંદિર ખાતે મોટી સંખ્યામાં ભકતો ઉમટી પડ્યા હતા. શિવરાત્રિના પર્વએ ૫૩ ગજની ધજા ચઢાવવામાં આવી હતી.

## શહેરાના અણિયાદ-રેણા મોરવા રોડ પર છકડામાંથી ફંગોળાયેલ મુસાફરનું મોત

શહેરા,

શહેરાના અણિયાદથી રેણા મોરવા જતાં રોડ ઉપરથી પસાર થતાં રિક્ષા છકડામાંથી ફંગોળાઈ ગયેલ મુસાફરને ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નીપજવા પામ્યુ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરાથી અણિયાદ–રેણા મોરવા જતાં રોડ ઉપરથી પસાર થતાં પેસેન્જર રિક્ષા છકડો નં–જીજે–૧૭–ટીટી–૭૩૫૭ના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા છકડા રિક્ષામાં સવાર મુસાફર રતનસિંહ અમરસિંહ પરમાર (ઉ.વ.૫૮)ફંગોળાઈ જતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેઓનુ સારવાર દરમિયાન મોત નીપજવા પામ્યુ હતુ. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## કાલોલ જગદંબા સોસાયટી વિસ્તારમાં એક મકાનમાં અચાનક આગ લાગતાં ઘરવખરી સામાન બળીને ખાખ



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ નગરમાં આવેલ જગદંબા સોસાયટી વિસ્તારમાં આવેલ સીદ્દિકભાઈ મુશાભાઈ શેખના બે માળના મકાનના પહેલાં માળે અચાનક વિકરાળ આગ લાગી હતી. અગમ્ય કારણોસર લાગેલ આગને કારણે પહેલાં રૂમની બારી–બારણા સોફા સેટ પલંગ સહિત તમામ સામગ્રી બળીને ખાખ થઈ ગઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. આગને કાબૂમાં લેવા તત્કાલીન ઘટના સ્થળે કાલોલ ફાયર ફાઈટર પહોંચ્યું હતું. મકાનમાં આગ ભભુકી ઉઠતા આસપાસના લોકોમાં અફરાતફરી મચી જવા પામી હતી. ઘટના સ્થળે કાલોલ ફાયર ફાઈટરની ટીમે પહોંચી આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી આગને કાબૂમાં લીધી હતી.

## ગોધરા-અમદાવાદ રોડ ઉપર ખોડિયાર મંદિર પાસે પોલીસ વાનની અડફેટે શ્રમિક કિશોરનું મોત



ગોધરા,

ગોધરા–અમદાવાદ હાઈવે રોડ ઉપર ડોકટરના મુવાડા ગામે ખોડિયાર મંદિર પાસે પોલીસ વાન ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી રાહદારી શ્રમિક પરિવારના કિશોરને અડફેટમાં લઈ ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નીપજાવતા ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા–અમદાવાદ હાઈવે રોડ ઉપર ડોકટરના મુવાડા ગામે ખોડિયાર મંદિર પાસે રોડ ઉપરથી પસાર થતી પોલીસના વાન ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી રાહદારી શ્રમિક પરિવારના કિશોરને અડફેટમાં લેતા ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળે કિશોરનુ મોત નીપજવાં પામ્યુ હતુ. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના નવા ૦૫ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજે કોરોનાના નવા ૦૫ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૦૯૧ થવા પામી છે. જયારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૫૪ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં આજે મળી આવેલા તમામ કેસો ગોધરા શહેરમાંથી ૦૫ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૩૦૪૩ થવા પામી છે.ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ૧૦૪૮ કેસો મળી આવ્યા છે. આજે કુલ ૦૨ દર્દીને સારવાર બાદ રજા આપવામાં આવી છે. આ સાથે રજા મેળવનારા કુલ વ્યક્તિઓની સંખ્યા ૩૮૯૬ થવા પામી છે. જિલ્લામાંથી અત્યાર સુધી નોંધાયેલ કુલ કેસોની સંખ્યા ૪૦૯૧ થવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 169